# થરાદ નગરપાલિકા

| | | |
|---|---|---|
| ૧ | **કામની વિગત:-** | |
| | ૧ | **થરાદ નગરપાલિકા** હદ વિસ્તારમાં યાદી મુજબ જુદીજુદી જગ્યાઓએ હોર્ડીંગ બોર્ડ તેમજ સ્ટ્રીટ લાઇટના પોલ ઉપર બંને બાજુએ જાહેરાતના બોર્ડ લગાવવાનું કામ. |
| ૨ | **કોન્ટ્રાક્ટરની ટેન્ડર ભરવા માટેની પાત્રતા:-** | |
| | ૧ | ઈજારદાર જી.એસ.ટી. નંબર ધરાવતા હોવા જોઈએ. |
| | ૨ | ઈજારદાર પાન નંબર ધરાવતા હોવા જોઈએ. |
| | ૩ | ઈજારદાર ઓછામાં ઓછો ૧ વર્ષ નો હોર્ડીંગ બોર્ડની કામગીરી નો અનુભવ ધરાવતા હોવા જોઈએ. |
| | ૪ | છેલ્લા ૧ વર્ષના ઈનકમટેક્ષ રીટર્નની નકલ. |
| | ૫ | જોઈન્ટ વેન્ચર માન્ય ગણાશે નહીં. |
| ૩ | **ટેન્ડર ના મંજુર કરવાની સત્તા:-** | |
| | નીચે મુજબના કોઈપણ કારણોસર ટેન્ડર નામંજુર કરવાની સત્તા નગરપાલિકાને રહેશે. | |
| | ૧ | શરતી ટેન્ડર. |
| | ૨ | અધુરી વિગતોવાળા ટેન્ડર. |
| | ૩ | સમય મર્યાદા બહારના ટેન્ડર તેમજ ઇ.એમ.ડી. વગરના ટેન્ડર. |
| | ૪ | નગરપાલિકામાં નિયત કરેલ સમય મર્યાદામાં મળેલ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વગર મંજુર કે નામંજુર કરવાની સત્તા પ્રમુખશ્રી / મુખ્ય અધિકારીશ્રી **થરાદ નગરપાલિકા** ની રહેશે. તેમજ તેમના નિર્ણય અંગે કોઈપણ કારણ આપવા બંધાયેલ નથી. તેમાં કોઈ વાંધો કે તકરાર ચાલશે નહિ. |
| | ૫ | નગરપાલિકા માટે સૌથી વધુ સારી અને ફાયદાકારક ઓફર ધરાવતી એજન્સીઓની પસંદગી કરવામાં આવશે. કોઈપણ ઓફર સ્વીકારવા અથવા નકારવાનો હક્ક કોઈપણ કારણ આપ્યા સિવાય **થરાદ નગરપાલિકા** નો અબાધિત રહેશે. |
| | ૬ | નગરપાલિકા દ્વારા આવેલ ટેન્ડર અંગે સૌ પ્રથમ ટેકનીકલ બીડ ખોલવામાં આવશે માટે ઉક્ત જણાવેલ તેના તમામ ડોક્યુમેન્ટ ફરજીયાત બીડાણ કરેલા હોવા જોઈએ તેમાં યોગ્ય ઠરેલ ઈજારદારોનાજ ફાઇનાન્સીયલ બીડ ખોલવામાં આવશે. |
| | ૭ | ટેન્ડર ભરનાર ઈજારદારે અનુભવનું પ્રમાણપત્ર, બેંકની ડીપોઝીટ રસીદ વિગેરે ટેકનીકલ બીડના કવરમાં રજુ કરવાની રહેશે અન્યથા ટેન્ડર રદ કરવામાં આવશે. |
| | ૮ | ઇ.તે સિવાયના ભાવો ધ્યાનમાં લેવામાં આવશે નહિ ટેન્ડર સાથે સામેલ ભાવપત્રકમાં જ ભાવ ભરવાનો છે- |
| ૪ | **ટેન્ડરની માહિતી :-** | |
| | ૧ | ટેન્ડર મુખ્ય અધિકારીશ્રી, **થરાદ નગરપાલિકા**, મુ. **થરાદ, જી. વાવ- થરાદ** ને સીલબંધ કવરમાં તથા કવર ઉપર હોર્ડીંગ બોર્ડ તેમજ સ્ટ્રીટ લાઇટના પોલ ઉપર જાહેરાતના બોર્ડ લગાવવાનું કામ લખી મોકલવાનું રહેશે. |
| | ૨ | ટેન્ડર રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે અને કવર ઉપર ભાવ ભરનારનું નામ અને સરનામું, ટેલીફોન નંબર, મોબાઇલ નંબર સ્પષ્ટ લખવાના રહેશે. |
| | ૩ | ટેન્ડરમાં જણાવેલ આઇટમોના ભાવો સિવાય બીજા ભાવો ધ્યાનમાં લેવામાં આવશે નહીં. |
| ૫ | **ઇ.એમ.ડી. પરત / જપ્ત:-** | |
| | ૧ | નામંજુર થયેલ ટેન્ડરોની ઇ.એમ.ડી. નીચા ભાવના ટેન્ડર મંજુર થયા તારીખથી ૩૦ દિવસ બાદ મુખ્ય અધિકારીશ્રીના નામે અરજી કર્યેથી પરત કરવાની કાર્યવાહી કરવામાં આવશે. |
| | ૨ | ટેકનીકલ બીડ સાથે રૂ. ૨૦૦૦૦/- (અંકે રૂપીયા વીસ હજાર) EMD માન્યતા પ્રાપ્ત બેન્કના ડીમાન્ડ ડ્રાફ્ટ, પે-ઓર્ડર, બેન્ક ગેરેટી પૈકી કોઈપણ એક સ્વરૂપે રજુ કરવાની રહેશે. તથા ટેન્ડર ફીના રૂ.૧૦૬૨/- (અંકે રૂપીયા એક હજાર બાંસઠ પુરા) નો ડીમાન્ડ ડ્રાફ્ટ સામેલ કરવાનો રહેશે. |
| | ૩ | જે એજન્સીના ટેન્ડર મંજુર થાય તે એજન્સીએ નગરપાલિકામાં રાષ્ટ્રીયકૃત બેંકની રૂ. ૫૦૦૦૦/- ની FDR જમા કરાવ્યા |

| | | |
|---|---|---|
| | | બાદ રૂ. ૩૦૦/- ના સ્ટેમ્પ ઉપર કરાર લેખ કરી આપ્યા બાદ વર્ક ઓર્ડર આપવામાં આવશે. ત્યારબાદ દિન – ૭ માં મંજુર થયેલ ભાવ મુજબ ભાડાની રકમ **થરાદ નગરપાલિકા** માં જમા કરાવવાની રહેશે. |
| | ૪ | કોન્ટ્રાક્ટનો સમયગાળો પુરો થયા બાદ કામગીરી સંતોષપૂર્વક જણાય તો સીક્યોરીટી ડીપોઝીટ એક માસમાં પરત કરવાની કાર્યવાહી કરવામાં આવશે |
| ૬ | **કામગીરીની શરતો :-** | |
| | ૧ | ટેન્ડર મંજુર થયે ઈજારો એક વર્ષ સુધીનો રહેશે. |
| | ૨ | તમામ ટેક્ષ સાથેના ભાવ આપવાના રહેશે. |
| | ૩ | તકરાર અંગે મુખ્ય અધિકારીનો નિર્ણય આખરી રહેશે. તકરાર અંગે ન્યાયનું ક્ષેત્ર **થરાદ** રહેશે. |
| | ૪ | એજન્સી **થરાદ નગરપાલિકા** પાસેથી કોઈ મેન પાવર કે સુવિધા માંગી શકશે નહીં અને નગરપાલિકા તરફથી આપવામાં આવશે પણ નહીં. કામ વ્યવસ્થિત નહીં હોય અને ક્ષતીઓ રહેશે તો તેની નુકશાની પેટે એજન્સી પાસેથી વળતર વસુલ લેવામાં આવશે. |
| | ૫ | એજન્સી દ્વારા એક વર્ષનો સમયગાળો પુર્ણ થયા બાદ તમામ પ્રકારની સેવાઓ મેળવવા જો નગરપાલિકા દ્વારા એજન્સી સાથે કરાર કરવાનો થાય તો ૨૦ % ટકા ના વધારા સાથે એક વર્ષ કે તેથી વધુ સમયગાળા માટે કરારની મુદતમાં વધારો કરવાની સત્તા પ્રમુખશ્રી **થરાદ નગરપાલિકા** અને ચીફ ઓફિસરશ્રી **થરાદ નગરપાલિકા** ને રહેશે. |
| | ૬ | કુદરતી વાવાઝોડું કે ચોમાસાની સિઝનમાં અત્રેની જાણ કરવામાં આવ્યેથી લગાવેલ જાહેરાતના બોર્ડ ઉતરાવી લેવાના રહેશે. |
| | ૭ | ઈજારદારે ઉપર જણાવેલ તમામ શરતોનું ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. જો શરતોનો અમલ નહી થાય તો નોટીસ આપી ઈજારો રદ કરી સીક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે જેની નોંધ લેવી. |
| ૭ | **ટેન્ડર સબમિશન :-** | |
| | ૧ | ટેન્ડર nprocure.com પર ઓનલાઈન ભરવાનો રહેશે. |
| | ૨ | ફીઝીકલ ડોક્યુમેન્ટ રજીસ્ટર પોસ્ટ એડી થી વેબસાઈટ પર જણાવેલ સમયમર્યાદામાં **થરાદ નગરપાલિકા** કચેરીએ મોકલવાના રહેશે. જેના કવર ઉપર ભરનારનું પુરેપુરૂ નામ અને સરનામું, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર સ્પષ્ટ લખવાના રહેશે. ટેક્નીકલ બીડ સાથે રૂ. ૨૦૦૦૦/- EMD માન્યતા પ્રાપ્ત બેન્કના ડીમાન્ડ ડ્રાફ્ટ, પે-ઓર્ડર, બેન્ક ગેરેટી પૈકી કોઈપણ એક સ્વરૂપે રજુ કરવાની રહેશે તથા ટેન્ડર ફી ના રૂ.૧૦૬૨/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ સામેલ કરવાનો રહેશે તથા માંગેલ જરૂરી પાત્રતાના પુરાવા સ્કેન કોપી ટેન્ડર સાથે ઓનલાઈન અપલોડ કરી ટેકનીકલ બીડ મોકલવાના રહેશે. |

**ચીફ ઓફિસર**

**થરાદ નગરપાલિકા**